ગાંધીનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસનો વિજય

પ્રમુખ તરીકે ગોપાળજી ઠાકોર અને ઉપપ્રમુખ પદે સુરેશ પટેલ વિજયી : ભાજપના દિપકભાઈ પટેલ અને જગદીશભાઈ પટેલનો પરાજય

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર તાલુકા પંચાયત આજે ભાજપ પાસેથી કોંગ્રેસે આંચકી લીધી છે. આજે મળેલ તાલુકા પંચાયતના નવા પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોએ ૧૬ વિરૂદ્ધ ૧૧ મતે વિજય મેળવ્યો હતો.

અધ્યાશી અધિકારી એ.ડી. જોશીની અધ્યક્ષતામાં બપોરે ૧૨ વાગે કલેક્ટર કચેરીના સમિતિ ખંડમાં આ બેઠક શરૂ થઈ હતી. તંત્રએ આ વખતે પુરતી કાળજી રાખી હતી અને ખાસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની પણ નિયુક્તી કરી હતી.

પોલીસ બંદોબસ્ત પણ સજ્ઞ રાખવામાં આવ્યો હતો. પોલીસ વેરીફીકેશન બાદ તબીબી પરીક્ષણ પછી સભ્યોને સભાગૃહમાં પ્રવેશ અપાયો હતો અને બેઠક વ્યવસ્થામાં પણ સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવી હતી.

અધ્યાશી અધિકારી જોશીએ સભાના આરંભમાં જ બન્ને પક્ષ તરફથી મળેલા મેન્ડેટનું વાંચન કર્યુ હતુ. આ પછી ભાજપના સભ્યોએ હાઈકોર્ટમાં કરાયેલી પીટીશન અંગેનો વાંધો રજુ કર્યો હતો. અધ્યાશી અધિકારીએ જણાવ્યુ હતુ કે અદાલતે મનાઈહુકમ આપ્યો નથી એટલે અગાઉ જાહેર થયા મુજબ ચૂંટણીની કામગીરી હાથ ધરવાની થાય છે.

આ પછી ચૂંટણી પ્રક્રિયાનો આરંભ થયો હતો. પ્રથમ પ્રમુખ પદ માટેની ચૂંટણી થઈ હતી. જેમાં કોંગ્રેસના ગોપાળજી ઠાકોર અને ભાજપના દિપકભાઈ પટેલ વચ્ચે મતદાન થયુ હતુ. સભ્યોએ હાથ ઉંચા કરી મતદાન કર્યુ હતુ. આ પછી સભ્યોએ ગણતરી કરી પરિણામ જાહેર કર્યુ હતુ. જેમાં કોંગ્રેસના ગોપાળજી ઠાકોરને ૧૬ મત અને ભાજપના દિપકભાઈ પટેલને ૧૧ મત મળેલા જાહેર થયા હતા.

આ પછી ઉપ પ્રમુખની ચૂંટણી હાથ ધરાઈ હતી. જેમાં કોંગ્રેસના સુરેશભાઈ પટેલ અને ભાજપના જગદીશભાઈ પટેલ વચ્ચે જંગ થયો હતો. મતદાનને અંતે સુરેશભાઈ પટેલને ૧૬ મત અને ભાજપના જગદીશભાઈ પટેલને ૧૧ મત મળ્યા હતા.

ચૂંટણી અધિકારીએ પ્રમુખ તરીકે ગોપાળજી ઠાકોર અને ઉપ પ્રમુખ પદે સુરેશ પટેલને વિજયી જાહેર કર્યા હતા. તેમણે સૌ સભ્યોને સહકાર આપવા માટે આભાર વ્યક્ત કર્યો હતો.

અર્ધા કલાકથી થોડીક વધારે મિનિટોમાં સામાન્ય સભાની કાર્યવાહી સંપન્ન થતાં જ કોંગ્રેસના સભ્યોએ વિજેતા ઉમેદવારોનું અભિવાદન કર્યુ હતુ અને કોંગ્રેસ એકતા ઝિંદાબાદના નારા લગાવ્યા હતા. આ પછી સભ્યો સાથે નવા વરાયેલા પ્રમુખ-ઉપ પ્રમુખ તાલુકા પંચાયતની કચેરીએ પહોંચ્યા હતા જ્યાં જિલ્લાના કોંગી આગેવાનો સૂર્યસિંહ ડાભી, શનભાઈ પટેલ (ચૌધરી), બેચરજી ઠાકોર, અરવિંદસિંહ સોલંકી સહિતનાઓએ વિજેતા ઉમેદવારોને આવકાર્યા હતા.

સેકટરોના ચોકઠાઓમાં ભુલકાઓનો ખિલખિલાટ સુન્ન..!!

સોશિયલ મીડીયા પર મેસેજીસની ભરમાર બાળકોની સલામતીનો મુદ્દો દિવસ દરમિયાન ટોક ઓફ ધ ટાઉન : સેકટરવાસીઓમાં ફફડાટ માતા પિતા બાળકોને કોમન પ્લોટમાં રમવા જવા દેવામાં રાજી નથી : આડેધડ ખોદકામના લીધે સેકટરોના રીંગ રોડ પર અંધારુ વધુ ભયાવહ બનતા રહીશોમાં ફફડાટ : વધતી ઘરફોડ ચોરીની સાથે ગેંગ સક્રીય થઇ હોવાની વાતથી સેકરવાસીઓમાં ભય કોરોના કાળમાં આમ પણ બાળકો ઘરમાં પુરાયેલા છે ત્યારે ઘર આંગણે પણ સલામતી જોખમાઇ હોવાનો આક્રોશ

બાળકો ઉઠાવી જતી ગેંગની વાતો ટોક ઓફ ધ ટાઉન

ગાંધીનગર તા ૧૫

શાંત અને સલામત ભાસતા હરિયાળા ગાંધીનગરમાં વરસાદી ઋતુ વચ્ચે નાગરિકો અનેક દુવિધાઓથી ઘેરાયેલા છે ત્યારે શહેરમાં બાળકોને ઉઠાવી જતી ગેંગ સક્રીય થઈ હોવાની વાતથી નગરજનોમાં ઘેરી ચિંતા પ્રવર્તી છે. અંધારપટ્ટ વચ્ચે ઘેરાયેલી સેકટરોની શેરીઓમાં ઘરફોડ ચોરીનો ઉપદ્રવ વધી રહ્યો છે ત્યારે ઘર આંગણે રમતા બાળકોની સલામતી સામે પણ મોટો સવાલ મંડરાયો છે. સે-૫ માં બાળકો ઉઠાવતી ગેંગ સક્રીય થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવતા સેકટરવાસીઓ અસલામતી અનુભવી રહ્યા છે. કોરોના કાળમાં બાળકોને આમ પણ વાલીઓ ઘરની બહાર લઈ જતા નથી ત્યારે શાળાઓ બંધ છે ત્યારે ઘર આંગણે કોમન પ્લોટમાં રમતા બાળકોની સલામતી પણ જોખમાઈ હોવાના અહેસાસથી સેકટરવાસીઓ આજે આગ બબુલા બન્યા હતા. સેકટરોની શેરીઓ સહીત નગરના ખુણે ખુણે આ વિષય આજે ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. કેટલાક સેકટરોમાં તો બાળકોને ઘરની બહાર રમવા જવા દેવા માટે પણ તેમના માતા પિતા રાજી ન હતા.

ગાંધીનગરમાં બાળકોને ઉઠાવી જતી ગેંગ સક્રીય થઈ હોવાના સમાચાર વાયુવેગે શહેરના સેકટરોની શેરીઓમાં પહોંચતા નાગરિકો આ મામલે વિશેષ જાગૃત અને ચિંતાતુર બન્યા છે. સેકટરોના કોમન પ્લોટમાં સવારે અને સાંજના સમયે ખેલકુદ કરતા બાળકો ગમે ત્યારે આવી ગેંગનો શિકાર ન બને તે માટે પણ માસુમ બાળકોને ઘરના જાપાની બહાર પણ મોકલવા પરિવારજનો રાજી નથી. સે-૫ સી માં છેલ્લા પાંચ દિવસમાં ઘર આંગણે રમતા ત્રણ બાળકોને ઉઠાવી જવાનો પ્રયાસ કરતી ગેંગથી શહેરના સેકટરોમાં ભયની લાગણી વ્યાપી છે. સેકટરોમાં રોજ સાંજ ઢળતા જ બાળકો પોતાના ઘર આંગણે કોમન પ્લોટમાં રમતા હોય છે. કોરોનાના કહેર વચ્ચે શાળાઓ પણ બંધ છે ત્યારે સંક્રમણથી બચવા માટે બાળકોને આમ પણ તેમના માતાપિતા ઘરની બહાર લઈ જતા નથી . નગરના પાર્ક , થિયેટર્સ, તેમજ અન્ય રાઈડસ પણ બંધ છે. ત્યારે આખો દિવસ ઘરમાં પુરાયેલા બાળકો હવે ઘર આંગણે પણ સલામત ન હોવાનુ ચિત્ર સ્પષ્ટ થતા સેકટરવાસીઓ આગ બબુલા બન્યા છે. પાટનગરમાં વધતા ગુનાખોરીના પ્રમાણ વચ્ચે ઘર આંગણે રમતા ભુલકાઓ પણ સલામત ન હોવાનો અહેસાસથી નાગરિકો અસલામતીની લાગણી અનુભવી રહ્યા છે. સેકટરોની શેરીઓમાં આજે દિનભર આ મામલે રહીશોએ ચિંતા જતાવી બાળકોની સલામતી માટે વધુ

● અનુસંધાન પાન-૭ પર

ગુડા વિસ્તારમાં વરસાદી દિવસોના અંતે માર્ગ સુધારણા હાથ ધરાશે

ગુડાએ જવાબદાર એજન્સીને નોટીસ આપી કામ હાથ ધરવા માટે સુચના આપી : ગુડા વિસ્તારની સોસાયટીને અનુલક્ષી બિલ્ડરોએ તૈયાર કરેલા રેમ્પના લીધે પાણીનો ભરાવો થતા માર્ગોને વિશેષ નુકશાન થયુ છે.

ગાંધીનગર તા ૧૫

વરસાદી દિવસો દરમિયાન શહેર તેમજ જિલ્લાના વિવિધ માર્ગોનુ ધોવાણ થયુ છે. શહેરમાં પણ મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગોની દશા ખરાબ થઇ છે. જયારે શહેર આસપાસ ગુડાના વિસ્તારમાં પણ સોસાયટીના વિવિધ માર્ગો પર ગાબડા પડયા છે. જેના લીધે સોસાયટીના રહીશોએ પણ પારાવાર હાલાકી વેઠવી પડે છે. જો કે ગુડા વિસ્તારની સોસાયટીને અનુલક્ષી તૈયાર કરાયેલા રેમ્પના લીધે માર્ગો પર પાણી ભરાતા આ સ્થિતિ થઇ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેને અનુલક્ષી ગુડા દ્વારા જવાબદાર એજન્સીઓને પણ નોટીસ આપી વરસાદી દિવસોના અંતે માર્ગોને યોગ્ય કરવા માટે સુચના આપી દેવામાં આવી છે.

સમગ્ર રાજયમાં ભારે વરસાદના લીધે માર્ગોનુ ધોવાણ થયુ છે. માર્ગો પર ઠેર ઠેર મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા બાદ માર્ગ મકાન વિભાગ સહીત સ્થાનિક સત્તામંડળની ટીમ પણ કામે લાગી છે. ગાંધીનગર શહેરમાં પણ મુખ્યમાર્ગો ખરબચડા બન્યા છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોની દશા ખરાબ જોવા મળે છે. આ ઉપરાંત જિલ્લામાં પણ મોટાભાગના માર્ગો પર વરસાદી દિવસો દરમિયાન મોટા ખાડા અસ્તિત્વમાં આવતા તંત્રએ થીગડા મારવાની કામગીરી શરૂ કરી હતી જેમાં નિયત સમયના અંતે પણ માર્ગ સુધારણા હેઠળ ન લેવાયા હોય તેવા માર્ગોની સંખ્યા પણ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર તાલુકામાં કોરોના બેકાબુ બન્યો

આલમપુર બી.એસ.એફ. અને મિલીટ્રી સ્ટેશનમાં ૮ જવાનો સંક્રમિત થયા : જિલ્લામાં ૨૫ નવા કેસ : ૧ દર્દીનું સારવાર દરમ્યાન મોત

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર તાલુકામાં કોરોના બેકાબુ બન્યો છે એમાંય આજે આલમપુરમાંથી આજે નવ જેટલા કેસ નોંધાયા છે જેણે તંત્રની ચિંતા વધારી છે. આલમપુર બી.એસ.એફ. કેમ્પમાંથી ૪ અને આલમપુર મિલીટ્રી સ્ટેશનમાંથી ૪ એમ ૮ કેસ મળી આવ્યા છે જ્યારે આલમપુર ગામમાંથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૨૫ કેસ નોંધાયા છે. સારવાર દરમ્યાન કલોલના એક ૬૩ વર્ષીય પુરૂષનું મોત પણ થયુ છે. જિલ્લામાં વધતા જતા કેસોની સંખ્યા અને અને વધતા જતા ડેથરેટને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે જિલ્લા આરોગ્યતંત્રની બેઠકોમાં પણ કોરોનાના વધતા જતા કેસો અને મોતની સંખ્યાને લઈ અધિકારીઓએ ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી.

જિલ્લામાં નોંધાયેલા ૨૫ કેસમાંથી ૧૯ કેસ માત્ર ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. દહેગામમાં બે કેસ અને કલોલમાં ૪ કેસ નોંધાયા છે. આજે પણ નવ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના રતનપુર ગામેથી ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજમાંથી બે કેસ નોંધાયા છે જેમાં ૨૩ વર્ષનો યુવાન અને ૧૬ વર્ષના વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. રાંદેસણ ગામેથી ૮૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આલમપુર ગામેથી ૫૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આલમપુરના બી.એસ.એફ. કેમ્પસ તેમજ મિલીટ્રી સ્ટેશનમાંથી ૮ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. તંત્રએ અહિ સ્થાનિક સત્તાવાળાઓ સાથે વાતચીતો કરી અને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

જમીયતપુરા ગામેથી ૬૨ વર્ષીય મહિલાનો, સરગાસણમાંથી ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્ય છે. શેરથા ગામેથી પણ આજે વધુ એક કેસ મળી આવ્યો હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે.

કરાઈ પોલીસ એકેડમીમાંથી આજે વધુ બે કેસ મળ્યા છે. અગાઉ અહિયાંથી ૩૦ કેસ મળ્યા હતા. આજે ૨૬ વર્ષીય મહિલા અને ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઈસનપુર મોટા ગામેથી ૨૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ તાલુકામાં લાલુજીની મુવાડી ગામેથી ૫૪ વર્ષીય પુરૂષ અને સામેત્રી ગામેથી ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી બે અને અર્બન વિસ્તારમાંથી બે એમ કુલ ૪ કેસ મળી આવ્યા છે. કલોલના ખાત્રજ ગામેથી ૨૪ વર્ષીય યુવાન તેમજ મોટી ભોંયણ ગામેથી પણ ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

અર્બન-૨ વિસ્તારમાંથી એક ૭૭ વર્ષીય વૃદ્ધ તેમજ ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં કોરોનાના કેસ ૧૦૪૫ થયા

શહેરમાં કોરોનાના ૧૮ કેસ : સે. ૨૨ સંવેદનશીલ બની ઉભરી રહ્યુ છે : આજે સે. ૭ માંથી ૨, સે. ૨૬ માંથી ૨, સે. ૨૨ માંથી બે કેસ ઉપરાંત જી.ઈ.બી. કોલોની, સે. ૧૪, ૨૦, ૨૪, ૫, ૧૯, ૨, ૪, ૩૦, ૩, ૨૭ અને સે. ૮ માંથી કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૮ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૦૪૫ થઈ છે.

શહેરમાં કોરોના તેના ત્રીજા તબક્કામાં પ્રવેશ્યાની શંકા હવે વધુ ને વધુ દૃઢ થઈ રહી છે. તંત્ર રિકવરી રેટ સારો હોવાનો આજે પણ દાવો કરી રહ્યુ છે.

આજે સે. ૭ માંથી ૨, સે. ૨૬ માંથી ૨, સે. ૨૨ માંથી બે કેસ ઉપરાંત જી.ઈ.બી. કોલોની, સે. ૧૪, ૨૦, ૨૪, ૫, ૧૯, ૨, ૪, ૩૦, ૩, ૨૭ અને સે. ૮ માંથી કેસ મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે અમદાવાદ નારણપુરા ખાતે શિક્ષક તરીકે નોકરી કરતા અને સે. ૧૪માં રહેતા ૫૪ વર્ષીય શિક્ષકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૭ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. બિઝનેશ મેનેજર તરીકે નોકરી કરતા ૩૫ વર્ષીય યુવકનો તેમજ જી.એમ.આર.ડી.માં નોકરી કરતી ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જીઈબીની ગાંધીનગર ગ્રામ્ય ડિવીઝનમાં નોકરી કરતા અને જી.ઈ.બી. કોલોનીમાં રહેતા ૩૪ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને ગાંધીનગર સિવિલમાં સારવાર માટે દાખલ કરેલ છે.

કોરોના માટે સંવેદનશીલ બનેલ સે. ૨૬ માંથી વધુ બે કેસ મળ્યા છે. પડુસ્મા શાળામાં આચાર્ય તરીકે નોકરી કરતા ૪૯ વર્ષીય આચાર્યનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૭૬ વર્ષીય વૃદ્ધનો પણ આ સેક્ટરમાંથી રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

સે. ૨૦ માં રહેતા અને પોલીસભવનમાં ફરજ બજાવતા ૩૧ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૨ માંથી આજે વધુ બે કેસ મળ્યા છે. સે. ૨૨ ધીમીગતિએ કોરોના માટે સંવેદનશીલ બની ઉભરી રહ્યુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગુજરાત ગેસ કંપનીમાં ડે. મેનેજર તરીકે નોકરી કરતા ૪૫ વર્ષીય પુરૂષ તથા ખાનગી તબીબ તરીકે પ્રેક્ટીસ કરતા ૫૧ વર્ષીય તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

૧૪૫ પોલીસ જવાનોના કોરોના ટેસ્ટ કરવામાં આવશે

કોરોનાના કહેર વચ્ચે વિધાનસભાનું ટુંકુ ચોમાસુ સત્ર આગામી તા. ૨૧ સપ્ટેમ્બરથી શરૂ થશે. વિધાનસભાના સત્રને પગલે પાટનગરમાં સત્યાગ્રહ છાવણી, વિધાનસભા, સચિવાલય સહિત નગરના પ્રવેશદ્વારો પર પોલીસનો ચુસ્ત પહેરો ગોઠવી દેવાયો છે. જ્યારે બીજી બાજુ કોરોનાનુ સંક્રમણ ફેલાય નહી તે માટે તમામ વ્યક્તિનો ફરજીયાત કોરોના ટેસ્ટ કરવામાં આવશે. મંત્રી, ધારાસભ્યો અને વિધાનસભા સંકુલમાં ફરજ બજાવતા કર્મચારી સહિત સાર્જન્ટની ભૂમિકામાં ફરજ બજાવતા પોલીસ જવાનોના પણ ટેસ્ટ કરાશે.

જેમાં પોલીસ હેડ ક્વાર્ટરે ડીવાયએસપી સહિત ૧૪૫ જવાનોના રવિવાર સુધી કોરોનાના ટેસ્ટ કરી દેવામાં આવશે. કોઈ જવાન સંક્રમિત જણાશે તો ડોક્ટરની સલાહ મુજબ તેઓને સારવાર અપાશે. શરદી-ખાંસીના લક્ષણો ધરાવનાર પોલીસકર્મીને સાર્જન્ટની ફરજ નહી સોંપાય. જ્યારે પાટનગરમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જોખમાય નહી અને પડતર પ્રશ્ને કોઈ આંદોલન ન થાય તે માટે સત્યાગ્રહ છાવણીને પોલીસ છાવણીમાં ફેરવી દેવાઈ છે.

જિલ્લામાં ૩૨૧૯ ઘરોમાંથી મચ્છરોના પોરા મળી આવતાં આરોગ્ય તંત્ર સતર્ક બન્યુ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં આજે મેલેરિયાતંત્રની ટીમોએ એક લાખથી વધુ ઘરોની મુલાકાત લઈ અને ૧,૮૮,૦૬૮ પાત્રોની ચકાસણી કરી ૩૨૧૯ સ્થાનો પરથી મચ્છરોના પોરા શોધી અને એન્ટી લાર્વેલ તથા પોરાનાશક કામગીરી કરી હતી.

જિલ્લા મેલેરિયાતંત્રની ટીમો દ્વારા આજે બીજા તબક્કાના સર્વેલન્સના બીજા દિવસે ૪,૮૮,૨૨૩ વસ્તીને આવરી લઈ ૧,૦૮,૪૯૪ ઘરોની મુલાકાત લીધી હતી. ટીમોએ ૧,૮૮,૦૬૮ સંભવિત ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી કરી હતી જેમાંથી ૩૨૧૯ સ્થાનો પર મચ્છરોના પોરા મળી આવ્યા હતા.

તંત્રની યાદીમાં જણાવાયા મુજબ ગાંધીનગર તાલુકામાં ૪૦,૯૨૦ ઘરોની તપાસમાં

૬૨,૧૬૦ સંભવિત ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી કરતાં ૧૨૦૫ સ્થાનોએ મચ્છરોના પોરા મળી આવ્યા હતા.

દહેગામ તાલુકામાં ૨૫,૮૪૮ ઘરોમાં ૪૪,૭૧૪ સંભવિત સ્થાનોની ચકાસણી કરી હતી જેમાં ૬૦૬ સ્થાનો પરથી પોરા મળ્યા હતા.

કલોલ તાલુકામાં ૨૩,૯૪૫ ઘરોમાં ૪૮,૫૩૨ સંભવિત ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરી હતી જેમાં ૬૮૭ સ્થાનોએથી પોરા મળ્યા હતા.

માણસા તાલુકામાં ૧૭,૭૮૧ ઘરોમાં ૩૨,૬૬૨ સંભવિત ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી દરમ્યાન ૭૨૧ સ્થાનો પરથી મચ્છરોના પોરા મળ્યા હતા.

જિલ્લાના ચારેય તાલુકામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં એબેટની કામગીરી દરમ્યાન ૩૨૧૯ સ્થાનો પરથી મળેલા પોરાથી તંત્ર સતર્ક બની ગયુ છે અને કામગીરીને આગામી દિવસોમાં સઘન બનાવવા માટે જણાવ્યુ છે.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળો નિયંત્રણમાં રહે તે હેતુથી તંત્ર દ્વારા આ સર્વેલન્સના બીજા રાઉન્ડમાં પણ મચ્છરોના પોરા મળી આવ્યા છે. હાલ જિલ્લાનું હવામાન મચ્છરોની ઉત્પત્તિ માટે સૌથી વધુ સાનુકૂળ હોવાથી તંત્રએ સતર્ક રહી અને ચાંપતી નજર પરિસ્થિતિ પર રાખવા માટેની સૂચનાઓ આપી છે.

શ્રદ્ધાંજલિ

ભાલચંદ્ર જી. જોષી

અમારા પૂજ્ય પિતાજી શ્રી **ભાલચંદ્ર જી. જોષી**નો તા. ૧૫/૯/૨૦૨૦, મંગળવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

નોંધ : કોરોના મહામારીની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બેસણું મોકુફ રાખેલ છે.

લિ.
ગં. સ્વ. સરલાબેન બી. જોષી
નિમિષ બી. જોષી — પ્રીતિ સંતોષ કરકરે
ભક્તિ નિમિષ જોષી — નિલમ સંદીપ ચાવરે
નૈસર્ગી નિમિષ જોષી
મો. ૯૮૨૪૫ ૩૦૫૪૨

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com